For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# SIRનું સરવૈયું | 17.30 લાખ મતદારો સ્વર્ગ સીધાવી ગયા

**રાજ્યના** 33 જિલ્લાઓ પૈકી મોટા ભાગના જિલ્લાઓમાં 100% ફોર્મ વિતરણ સંપન્ન થયું

**17.30** લાખથી વધુ મતદાર અવસાન પામ્યા છે

**07** લાખથી વધુ મતદારો તેમના સરનામે મળ્યા જ નહીં

**32.52** લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા છે

**3.36** લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું જણાયું

ગાંધીનગર : સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 11મી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. તે દરમિયાન મતદાર ગણતરી દરમિયાન રાજ્યભરમાં 17.30 લાખથી વધુ અવસાન પામેલા મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે 7 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા હતાં. સાથોસાથ 32.52 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત 3.36 લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

2025ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના 33 જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં 100% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં 100% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજીટાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. જે પૈકી કુલ 21 વિધાનસભા મતવિસ્તારમાં ડિજીટાઈઝેશનની કામગીરી 100 % પુરી થઈ ચુકી છે. જેમાં બનાસકાંઠા જિલ્લાની ધાનેરા અને થરાદ, દાહોદ જિલ્લાની લીમખેડા, દાહોદ (એસ.ટી), ગરબાડા, દેવગઢ બારિયા, અરવલ્લી જિલ્લાની બાયડ, સાબરકાંઠા જિલ્લાની ઈડર અને પ્રાંતિજ, રાજકોટ જિલ્લાની ધોરાજી, જસદણ અને ગોંડલ, જૂનાગઢ જિલ્લાની કોશોદ અને માંગરોળ, ગીરસોમનાથ જિલ્લાની ઊના અને કોડિનાર, ખેડા જિલ્લાની મહેમદાવાદ તથા આણંદ જિલ્લાની ખંભાત અને નવસારી જિલ્લાની જલાલપોર, પંચમહાલ જિલ્લાની કાલોલ, ડાંગ જિલ્લાની ડાંગ બેઠકનો સમાવેશ થાય છે. આ કામગીરીમાં 94.46 % ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે.

### ડિજિટાઈઝેશનમાં ટોપ-10 જિલ્લાઓની યાદી

| ક્રમ | જિલ્લો | ટકાવારી |
|---|---|---|
| 1 | ડાંગ | 94.46 |
| 2 | ગીરસોમનાથ | 91.71 |
| 3 | મોરબી | 91.32 |
| 4 | બનાસકાંઠા | 91.19 |
| 5 | મહીસાગર | 91.17 |
| 6 | અરવલ્લી | 91.12 |
| 7 | સાબરકાંઠા | 91.08 |
| 8 | છોટા ઉદેપુર | 91.05 |
| 9 | પાટણ | 90.82 |
| 10 | બોટાદ | 90.26 |

અગાઉ 1985માં ડાંગમાં છેલ્લો વાઘ દેખાયો હતો, અકસ્માતમાં માર્યો ગયો હતો

# આગામી દિવસોમાં દ.ગુ.માં પણ વાઘ દેખાય તેવી સંભાવના



**દાહોદના** રતનમહાલમાં નર વાઘ 9 મહિના રહ્યો, શિકાર પણ કર્યો હોવાથી સ્થિર થયાની સંભાવના

**આઠેક** વર્ષ પહેલા વ્યારા-સોનગઢના જંગલોમાં પણ પગનાં નિશાન દેખાયાં હતાં

સુરતઃ ગુજરાતમાં ત્રણ દાયકાનો લાંબો વિરામ તોડી લટાર મારી ટેસથી ટહેલતા વાઘ દેખાઇ રહ્યા છે. પાડોશી રાજ્ય મધ્યપ્રદેશના સરહદી વિસ્તાર સમાન દાહોદ જિલ્લાના રતનમહાલ વન અભ્યારણ્યમાં એક નર વાઘ સતત 6થી 9 મહિના સુધી આંટાફેરા મારતો હોવાની સત્તાવાર પુષ્ટિ મળી છે. આશરે ૮-૯ વર્ષ પહેલા પણ વ્યારાના જંગલમાં વાઘના પંજાના નિશાન જોવા મળ્યા હતા અને એવું કહેવાય છે કે, ગુજરાતનો છેલ્લો વાઘ ડાંગમાં લગભગ 1985માં એક રોડ અકસ્માતમાં મોતને ભેટ્યો હતો. જેને કારણે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતના જંગલો પણ વાઘનું રહેઠાણ બને તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

રાજ્યમાં 1992-93ની ટાઈગર સેન્સસ અને 1997ના સર્વેમાં ટાઈગર પ્રેઝન્સ માટે કોઈ વિશ્વસનીય પુરાવા મળ્યા નહીં. 2001 પછી રાજ્યમાં વાઘને લુપ્ત જાહેર કરવામાં આવ્યા હતા, પરંતુ હવે એક વાઘે ગુજરાતના જંગલોમાં ફરી પોતાનું ક્ષેત્ર સ્થાપ્યું છે. ફેબ્રુઆરી-2025માં રતનમહાલમાં કેમેરા ટ્રેપમાં પહેલી વાર વાઘ ચપટીમાં ઝડપાયો. વન વિભાગે ત્યારબાદ સતત મોનિટરીંગ કરી અને મે-2025માં હન્ટિંગ કિલનો પુરાવો મળ્યો, જેનાથી વાઘ ગુજરાતમાં સ્થાયી થયાના સંકેતો મજબૂત બન્યા

...અનુસંધાન પાના 5 પર

### સને 1985 સુધી દક્ષિણ ગુજરાતમાં વાઘ જોવા મળતા હતા

2001ની ટાઈગર સેન્સસ પછી રાજ્યને "વાઘ લુપ્ત" જાહેર કરવામાં આવ્યું. 2001માં અધિકારીઓએ જાહેર કર્યું કે રાજ્યમાં "ઝીરો ટાઈગર પ્રેઝન્સ"છે. જેના મુખ્ય કારણો જંગલોનો વિનાશ અને વન્યજીવન માટે પૂરતા શિકાર પ્રાણીઓનો અભાવ હતો. તેથી, લગભગ 1980ને મધ્યે-અંત સુધી ગુજરાતમાં વાઘ હતાં, અને 2001માં વાઘ "લુપ્ત"ગણાયો. આ પહેલા 1985ની આસપાસ ડાંગમાં એક છેલ્લો વાઘ અકસ્માતમાં મોતને ભેટ્યો હતો.

### અગાઉ ડાંગ અને નર્મદા ઐતિહાસિક રીતે વાઘ માટે જાણીતા હતા

દક્ષિણ ગુજરાતના ડાંગ અને નર્મદા વિસ્તાર ઐતિહાસિક રીતે વાઘ માટે જાણીતા રહ્યા હતા. વર્ષ 1980ના અંતમાં પણ આ વિસ્તારોમાં વાઘની હાજરી રહી હોવાનું જૂના રેકોર્ડ્સ બતાવે છે. પરંતુ ત્યારબાદ ફુટ પ્રિન્ટ મળ્યા છતાં પુરાવા અધૂરા જણાતા વાઘને અહીં "લુપ્ત"ગણાવાયા હતા.

### ગુજરાતમાં વાઘની સમયરેખા પર એક નજર

- **1980 પહેલાં:** દક્ષિણ ગુજરાત અને પૂર્વ ગુજરાતના ગાઢ જંગલ વિસ્તારો (ખાસ કરીને ડાંગ, નર્મદા)માં વાઘનો વસવાટ હતો. સ્થાનિક સાહિત્ય અને વન અધિકારીઓનાં જૂના રેકોર્ડ્સ પરથી સાબિત થાય છે.
- **1980ના અંત તરફ:** ગુજરાતમાં છેલ્લા વાઈલ્ડ ટાઈગરમાંથી એક ડાંગ વિસ્તાર નજીક અકસ્માતમાં મોતને ભેટ્યો હોવાનો ઉલ્લેખ છે.
- **1992-1997:** વન વિભાગને વિવિધ સર્વેમાં વાઘના કોઈ વિશ્વસનીય પુરાવા (પગમાર્ક/ચિત્ર) મળી આવ્યા નહોતા.
- **2001:** "ઝીરો ટાઈગર પ્રેઝન્સ", ટાઈગર સેન્સસમાં રાજ્યમાં વાઘને સત્તાવાર રીતે લુપ્ત જાહેર કર્યો.
- **2010-2020:** સમયાંતરે તપાસ કે મોનિટરીંગ થયું, પરંતુ એકપણ વાઘનો પુરાવો મળી આવ્યો નહીં.
- **ફેબ્રુઆરી 2025:** રતનમહલ વાઈલ્ડ સેન્ચ્યુરી (દાહોદ)ના જંગલમાં પહેલી વાર CCTV / કેમેરા ટ્રેપ દ્વારા એક પુરૂષ વાઘ જોવા મળ્યો. વાઘનું ગુજરાતમાં પુનરાગમન થયું.
- **એપ્રિલ-ઓક્ટોબર 2025:** આ જ વાઘ સતત 6-9 મહિના સુધી સંરક્ષિત વિસ્તારમાં હાજર છે. પ્રમાણિત કીલ પણ કર્યું એટલે તે ફૂડ ચેઈનમાં સ્થિર બનવા લાગ્યો.

# સુરત એરપોર્ટથી ઓપરેટ થતી ઈન્ડિગોની તમામ 7 ફ્લાઈટ રદ

**મુસાફરોના** સવાલોના ઇન્ડીગો એરલાઇન્સના સ્ટાફ પાસે કોઈ જવાબ નહોતો,બહારગામના પેસેન્જરોએ હોટલ રૂમ માંગ્યા પણ મળ્યા નહીં

સુરતઃ સુરત એરપોર્ટથી ઓપરેટ થતી ઈન્ડીગોની તમામ 7 ફ્લાઈટ રદ કરાતાં પેસેન્જરોએ હોબાળો મચાવ્યો હતો. મુસાફરોના સવાલોના ઈન્ડીગો એરલાઈન્સના સ્ટાફ પાસે કોઈ જવાબ નથી. બહારગામના પેસેન્જરોએ હોટલ રૂમ માંગ્યા તે પણ નહીં મળતા નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી. જો કે, પેસેન્જરોને એરપોર્ટ પર નાસ્તો પૂરો પાડવામાં આવ્યો હતો.

છેલ્લા ત્રણ દિવસથી ઈન્ડીગોની સિસ્ટમમાં ખામી તેમજ સ્ટાફની કમીને કારણે દેશભરમાં ઈન્ડીગો એરલાઈન્સની ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સનું એર ઓપરેશન ખોરવાયું છે. આજે તો સવારથી સાંજે 6 વાગ્યા સુધીની

...અનુસંધાન પાના 5 પર

### કેટલાક મુસાફરો ચાર કલાક વહેલા એરપોર્ટ પર આવી ગયા હતા

નવસારી, વલસાડ, વાપી, ભરૂચ, વ્યારા, બારડોલી જેવા વિસ્તારોમાંથી જુદા જુદા શહેરોની ફ્લાઇટમાં જનારા મુસાફરો આજે તેમની ફ્લાઇટ કરતા ત્રણથી ચાર કલાક વહેલા એરપોર્ટ પર પહોંચ્યા હતા. એક પછી એક ફ્લાઇટ કેન્સલ થવાની જાહેરાતો થતાં જ મુસાફરોએ ભારે હોબાળો મચાવ્યો હતો અને ઇન્ડીગો એરલાઇન્સના એરપોર્ટ પર તૈનાત સ્ટાફે જવાબ આપવાનો ભારે પડી ગયો હતો.

### ઇન્ડીગોને ટ્રોલ કરવાની સોશિયલ મીડિયામાં અપીલ

ઇન્ડીગો એરલાઇન્સના મેનેજમેન્ટથી પરેશાનીમાં મૂકાયેલા સેંકડો નાગરીકોએ આજે સુરત એરપોર્ટ પર સર્જાયેલી અરાજક્તાપૂર્ણ પરિસ્થિતિના વિડીયો સોશ્યલ મિડીયામાં મૂકીને ઇન્ડીગો એરલાઇન્સને ટ્રોલ કરવાની અપીલો કરી હતી. અનેક મુસાફરોએ એવી ફરીયાદો કરી હતી કે ઇન્ડીગોની ફ્લાઇટ કેન્સલ

...અનુસંધાન પાના 5 પર

### સુરત એરપોર્ટથી રદ થયેલી ઇન્ડીગો ફ્લાઇટ

- હૈદરાબાદથી સુરતની સવારેની ફ્લાઇટ
- દિલ્હીથી સુરતની બેંગ્લોર ડાઇવર્ટ
- બેંગલુરુથી સુરતની બપોરની ફ્લાઇટ
- જયપુરથી સુરતની સાંજેની ફ્લાઇટ
- સુરતથી બેંગલુરુની સવારની ફ્લાઇટ
- સુરતથી દિલ્હી જતી સવારની ફ્લાઇટ
- સુરતથી ગોવા જતી સવારની ફ્લાઇટ
- સુરતથી દીવની ફ્લાઇટ 1.55 ઉપડવાની હતી તેને બદલે 3.49 ઉપડી

# કોસંબામાં લાશ પરથી વાહનો દોડતા રહ્યાં

**હાઇવે** પર અજાણ્યા યુવાનને અકસ્માત

**માંસના** લોચા વીણી વીણીને પોટલું બાંધવું પડ્યું

**ઘટના** સ્થળે કરુણ દૃશ્યો સર્જાયાં



(તસવીર : ઈબ્રાહીમ કાનુ)

હથોડાઃ ને.હા.નં.48 પર કોસંબા પાસે શુક્રવારે અજાણ્યા 40 વર્ષના યુવાનને કોઈ વાહને અડફેટે લેતાં તેનું મોત થયા બાદ લાશ પરથી અન્ય વાહનો ફરી વળતાં લાશના ચૂરેચૂરા થઈ ગયા બાદ માંસના લોચા રોડ પર વિખેરાઈ ગયા હતા.

ઘટનાની વિગત એવી છે કે, કોસંબા પોલીસ મથક હદ વિસ્તારમાંથી પસાર થતાં નેશનલ હાઈવે નં.48 પર કોસંબા ફાટક પાસેના ઓવરબ્રિજથી થોડે અંતરે કોઈક અજાણ્યા વાહને 40 વર્ષના અજાણ્યા યુવાનને અડફેટે લેતાં તેનું મોત થયા બાદ યુવાનની લાશ પરથી કેટલાંક વાહનો ફરી વળ્યાં હતાં. જેથી યુવાનની લાશના ચૂરેચૂરા થઈ ગયા હતા. પેટ્રોલિંગમાં નીકળેલી હાઈવે ઓથોરિટીની ગાડી ઘટના સ્થળે પહોંચી હતી અને ખાનગી યુવાનોને કામે લગાડી માંસના લોચા વીણી વીણીને પોટલું બંધાવ્યું હતું. આ ઘટનામાં કોસંબા પોલીસે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવને પગલે ઘટના સ્થળે કરુણ દશ્યો સર્જાયાં હતાં અને એક તબક્કે ટ્રાફિક પણ જામ થઈ ગયો હતો.

# તંત્રએ જે કરવાનું છે તે કરતું નથી, બીજું બધું કરે છે

કૂતરાઓ પ્રત્યે જીવદયા રાખો, પરંતુ શહેરીજનોના જોખમના ભોગે?

## ફીડિંગ સ્પોટ્સ બનાવ્યા બાદ કૂતરાં નહીં કરડે?

**લો બોલો...** કૂતરાના ત્રાસને નાથવાના બદલે મનપાએ ડોગ ફીડિંગ સ્પોટ્સ બનાવી દીધા

**પરવત** ગામમાં આંગણવાડી, કે જ્યાં નાનાં ભૂલકાં આવે છે ત્યાં જ ફીડિંગ સ્પોટ બનાવી દેતા કચવાટ

સુરતઃ શહેરમાં છેલ્લા ઘણાં દિવસોથી રખડતા શ્વાનોના હુમલાની ગંભીર ઘટનાઓ સામે આવી રહી છે. ગઈકાલે ઘાસ્તીપુરા વરિયાવી બજારમાં 4 વર્ષની બાળકી પર શ્વાને હુમલો કરતા તેના શરીર પર 10થી વધુ ઈજાઓ થઈ હતી. બાળકીને સારવાર

...અનુસંધાન પાના 5 પર

### પરવત ગામમાં આંગણવાડી નજીક જ ડોગ ફીડિંગ સ્પોટ, બાળકોને જોખમની ભીતિ

પરવત ગામના ગુકુલનગર વિસ્તારની આંગણવાડીની બાજુમાં પણ ડોગ ફીડિંગ સ્પોટ બનાવતા સ્થાનિકોએ વિરોધ નોંધાવ્યો છે. આંગણવાડીના સ્ટાફનું કહેવું છે કે સવારથી બપોરે 3 વાગ્યા સુધી નાના બાળકો અહીં ભણવા આવે છે. મેદાનમાં પહેલેથી જ શ્વાનોની અવરજવર રહે છે અને હવે ફીડિંગ સ્પોટ બનાવતા શ્વાનોનું ટોળું અહીં એકઠું થઈ જશે. સમયસર ખોરાક નહીં મળવાની સ્થિતિમાં તેઓ બાળકો પર હુમલો કરી શકે છે. સ્ટાફે એવું પણ જણાવ્યું કે તેઓએ

...અનુસંધાન પાના 5 પર

### કૂતરાઓની સંખ્યા કાબૂમાં રાખવા માટે થતા રસીકરણ-ખસીકરણ શંકાના દાયરામાં : મોનટરિંગના નામે મીંડુ

શહેરમાં સતત વધી રહેરી કુતરાઓની સંખ્યા અને ન્યુસન્સને કારણે મનપા દ્વારા દર વર્ષ કરોડો રૂપીયા ખર્ચીને કરવામાં આવતુ રસીકરણ-ખસીકરણ શંકાના દાયરામાં છે. આ પ્રક્રિયામાં મોનીટરીંગના નામે મીંડુ હોય 'જંગલમે મોર નાચા કીસને દેખા ?' જેવો ઘાટ છે. ખરેખર જો રસીકરણ-ખસીકરણ થતુ હોય તો કુતરાઓની સંખ્યા ઘટવી જોઇએ તેના બદલે વધી રહી છે. ત્રણ વર્ષ પહેલા અંદાજીત 44 હજાર કુતરાઓ હોવાની ધારણા સાથે રસીકરણં ખસીકરણનો ઇજારો અપાયો હતો

...અનુસંધાન પાના 5 પર

## DEOએ કૂતરાં નહીં કરડે તેનું શિક્ષણ આપવા માંડ્યું

**પ્રાણીઓ** કરડે ત્યારે તરત સારવાર, ઝડપથી રીપોર્ટિંગ અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન રાખવું ફરજિયાત

સુરતઃ સુરત સહિત રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી માણસ-પ્રાણી તેજસ્વી સંપર્ક વધી રહ્યો છે. રસ્તા, શાળા કે રહેણાંક વિસ્તારોમાં ભટકતા કુતરાં, વાંદરાં અથવા અન્ય પ્રાણીઓ દ્વારા કરડવાના કિસ્સાઓ પણ નોંધાઈ રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને મહત્વપૂર્ણ માર્ગદર્શિકા આપવામાં આવી છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ સુઓ મોટો રિટ પિટિશનની સુનાવણી દરમિયાન

...અનુસંધાન પાના 5 પર

### ડીઈઓ દ્વારા શાળાઓએ શું કરવું પડશે તેની માર્ગદર્શિકા જારી કરાઈ

સુરત જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ શાળાઓને સૂચના આપવામાં આવી છે કે, વિદ્યાર્થીઓ અને સ્ટાફને કુતરા સહિતના પ્રાણીઓના વર્તન અંગે માર્ગદર્શન આપવામાં આવે. કુતરા સહિતનું કોઈપણ પ્રાણી કરડે ત્યારે તરત

...અનુસંધાન પાના 5 પર

# પૂણાની સાયકોલોજીસ્ટને દહેજ માટે NRIનો ત્રાસ

**17** તોલા સોનું અને 15 લાખ લઇ લીધા બાદ પણ ત્રાસ આપતા હતા

**લંડનમાં** ક્રોયડન પોલીસમાં ડોમેસ્ટીક વાયોલેન્સની ફરિયાદ નોંધાવી હતી

સુરતઃ પુણામાં રહેતી સાઈકોલોજિસ્ટને દહેજ માટે યુકે ખાતે રહેતા પતિ અને સુરતમાં રહેતા સાસરિયા માનસિક અને શારીરિક ત્રાસ આપતા મામલો પોલીસમાં પહોંચ્યો છે. સાસરિયાઓએ લગ્ન બાદ અલગ અલગ બહાને 17 તોલા સોનુ અને 15 લાખ લઈ લીધા બાદ વધુ દહેજ માટે સતત ત્રાસ આપતા પોલીસે રાંદેરી પરિવાર વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી શરૂ કરી છે.

પુણા પાટિયા ખાતે રહેતા સોના અલ્પેશભાઈ રાંદેરી (નામ બદલ્યું છે) વ્યવસાયે સાઈકોલોજીસ્ટ છે. તેના પિતાની માલિકીનું ડિંડોલીમાં મકાન આવેલું છે. વર્ષ 2022માં તેમના મકાનમાં શીવપાલ રાંદેરી અને રામબેન રાંદેરી પરિવાર સાથે ભાડે

...અનુસંધાન પાના 5 પર

### લંડનમાં સાઇકોલોજિસ્ટને વૃદ્ધોને નવડાવવાનું કામ સોંપી દીધું

મોનાને લંડનમાં રહેતી નણંદે સાઇકોલોજિસ્ટને નણંદે એક કેર ટેકર સેન્ટરમાં વૃદ્ધોને જમાડવા અને નહાડાવવાનું કામ સોંપી દીધું હતું. તેનો જે પગાર આવતો હતો તે પણ પતિ માંગી લેતો હતો અને નહીં આપે તો મારઝૂડ કરતો હતો. પતિના ત્રાસથી કંટાળીને સોનાએએ લંડનના ક્રોયડન પોલીસમાં ડોમેસ્ટીક વાયોલેન્સની ફરિયાદ નોંધાવી હતી.


**સુરતી શ્રીમાળી સોની અવસાન**



દિલગીરી સહ જણાવવાનું કે અમારા વડીલ **ભાનુમતીબેન નંદકુમાર પચ્ચીગર** નું તારીખ ૦૫/૧૨/૨૦૨૫ ના રોજ દુઃખદ નિધન થયેલ છે. પ્રભુ સદગત ના આત્મા ને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના.
નોંધઃ- સદગતની સ્મશાનયાત્રા તારીખ ૦૬/૧૨/૨૦૨૫ ના રોજ બપોરે ૧ કલાકે અમારા નિવાસસ્થાને થી નીકળી ને ઉમરા સ્મશાને જશે.

**બેસણું**
સદગતનું સંયુક્ત બેસણું તારીખ ૭/૧૨/૨૫ ના રોજ સવારે ૧૧ થી ૧૨ દરમ્યાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

લિ. જીગ્નેશ - ઉર્વી (પુત્ર - પુત્રવધૂ)
ભાવના - સંજય (પુત્રી - જમાઈ)
પૌત્ર - પૌત્રી
જય - અપર્ણા શિમોની - ઋષભ
અંકિતા - સુહૃદ મીરવ - અથર્વ

**સ્વ. ભાનુમતીબેન નંદકુમાર પચ્ચીગર**
સ્વ. તા. ૦૫/૧૨/૨૦૨૫

નિવાસસ્થાન:- C - ૬૦૩, એન્જલ રેસીડેન્સી, તેરાપંથ ભવન ની બાજુમાં,સીટીલાઈટ, સુરત. M:- 9825144301

**૧૦મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



સમયના વહેણમાં તમારી ચિર : વિદાયને દસ વર્ષ પુર્ણ થયા,
છતાં આજે પણ તમે અમારી સાથે જ સતત છો.
તમારી યાદ આવતાં જ અંતરાત્મા કંપી ઉઠે છે,
તમે અમારા હૃદયમાં વસેલા છો.
હર સમય, હર પળ અમો તમને યાદ કરીએ છીએ,
અમારો દીવસ ઊગે છે તમારી યાદને સહારે અને જીવન જીવાઈ છે તમારી સ્મૃતિના સહારે. પરમ કૃપાળુ પરમાત્મા તમારા આત્માને પરમ શાંતિ અર્પે.

**સ્વ. ઈશ્વરભાઈ ભગવાનભાઈ પટેલ**
સ્વ.તા. ૬/૧૨/૨૦૧૫

લિ. ગં.સ્વ. હંસાબેન ઈશ્વરભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

મુ. સરસાણા,પો. ટકારમા, તા. ઓલપાડ, જી. સુરત

**અંતિમ યાત્રા / બેસણું**



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી સ્વ. અરવિંદભાઈ લક્ષ્મીદાસ કાબરાવાલાનું તા. ૦૫/૧૨/૨૦૨૫ શુક્રવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. ભગવાન તેમની આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.


**અંતિમયાત્રા** તા. ૦૬/૧૨/૨૦૨૫ સવારે ૮:૦૦ કલાકે અમારા નિવાસસ્થાન ૨૧-એ, પ્રીતમ સોસાયટી-૧,કસક રોડ, ભરૂચથી નીકળશે.

**બેસણું** : તા. ૦૬/૧૨/૨૦૨૫ ને શનિવાર સાંજે ૪ થી ૬ કલાકે સ્થળ : રોટરી કલબ, સ્ટેશન રોડ, ભરૂચ. ફોન : ૯૯૦૯૭૭૭૭૭૩

**સ્વ. અરવિંદલાલ લક્ષ્મીદાસ કાબરાવાલા**
સ્વ. તા. ૦૫/૧૨/૨૦૨૫

લિ. સ્વ. હેમલતાબેન એ. કાબરાવાલા
સ્વ. ભરતભાઈ એ. કાબરાવાલા, સુનીતાબેન બી. કાબરાવાલા
અર્પણ બી. કાબરાવાલા, નીમા એ. કાબરાવાલા
હર્ષ બી. કાબરાવાલા, ધરા એચ. કાબરાવાલા
નરેશકુમાર શાહ, વિશાખાબેન શાહ
ભૂપેન્દ્રભાઈ ગાંધી, રીટાબેન ગાંધી
શૌર્ય એ. કાબરાવાલા, અહાના એચ. કાબરાવાલા
તથા સમસ્ત કાબરાવાલા પરિવાર

**પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. ભોગીલાલ કૃષ્ણારામ લવંગવાલા**
માગશર વદ બીજ સંવત ૨૦૮૧, સ્વ.તા.૧૭/૧૨/૨૦૨૪

''મરણ કરતા સ્મરણ બળવાન છે'' ''આપની સ્મૃતિ એક વરદાન છે'' જિંદગીમાં સફળતાના અનેક સોપાનો સર કરી જીવન જીવી ગયા. આપે સીંચેલા સંસ્કારો તથા તમારા પ્રત્યક્ષ આશીર્વાદ અમોને હંમેશા સદમાર્ગે આગળ વધારતા રહેશે. પ્રભુ આપના પુણ્યશાળી આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.

લિ. નરેશ ભોગીલાલ લવંગવાલા, ઉર્વશીબેન નરેશભાઈ લવંગવાલા
ધર્મેશ ભોગીલાલ લવંગવાલા, રાખીબેન ધર્મેશભાઈ લવંગવાલા
કર્મેશ નરેશ લવંગવાલા, ઉન્નતિબેન કર્મેશ લવંગવાલા
યશ ધર્મેશ લવંગવાલા, મનુશ્રી કર્મેશ લવંગવાલા
ધર્મેશ સિલ્ક મિલ્સ પ્રા. લી.
હિમા પ્રોસેસર્સ (બાપા સીતારામ), સચીન
તથા સમસ્ત લવંગવાલા પરિવાર
બાપા સીતારામ જય શ્રી કૃષ્ણ જય માતાજી

**દ્વિતીય પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ**



**ગૌ. નિ. સ્વ.હરિવદનભાઈ છગનલાલ ગજ્જર**
(નિવૃત્ત પ્રાધ્યાપકશ્રી ખોલવડ કોલેજ, કામરેજ)
સ્વ. તા. ૬-૧૨-૨૦૨૩

પરિવાર જેમનું મંદિર હતું, પરિશ્રમ જેમનું કર્તવ્ય હતું,
વાત્સલ્યના અખૂટ ભંડાર સમુ આપનું જીવન અમારા માટે પથદર્શક બની રહેશે...
પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતી અર્પે એજ પ્રાર્થના

લી.
ગં. સ્વ. જશુમતિબેન હરિવદનભાઈ ગજ્જર
સ્વ. પ્રેયસ પ્રકાશભાઈ ગજ્જર
પ્રકાશભાઈ હરિવદનભાઈ ગજ્જર - ગીતાબેન પ્રકાશભાઈ ગજ્જર
હેમાંશુભાઈ હરિવદનભાઈ ગજ્જર - નીતિશાબેન હેમાંશુભાઈ ગજ્જર
હસમુખકુમાર બાલુભાઇ ગજ્જર - ફાલ્ગુની હસમુખકુમાર ગજ્જર
નિખિલકુમાર ડાહ્યાભાઈ ગજ્જર - અમીષા નિખિલકુમાર ગજ્જર
તપન, હેમાની, દૃષ્ટિ, તૃષા, આકાશકુમાર, પુષ્ટિ, રિદ્ધિ, વૃંદા